પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૬૫ | ૧૫ મે, ૨૦૨૩, સોમવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બાંગ્લાદેશ, મ્યાનમારમાં મોચા ચક્રવાત ત્રાટક્યું

**બાંગ્લાદેશ અને મ્યાનમારમાં ભારે તબાહીનો ભય : ચક્રવાત મોચા રવિવારે બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રાટકવાનું શરૂ કર્યું હતું**



ઢાકા, તા.૧૪

ચક્રવાત 'મોચા' રવિવારે બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રાટકવાનું શરૂ કર્યું હતું. અગાઉ તે કેટેગરી પાંચના વાવાઝોડામાં તીવ્ર બની ગયું હતું. ચક્રવાતને કારણે ભારે વરસાદ થઈ રહ્યો છે, અને ૧૯૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે બંગાળની ખાડીની આસપાસના વિસ્તારોમાં ખતરનાક પૂર આવી શકે છે. એવી આશંકા છે કે વાવાઝોડું બાંગ્લાદેશના દક્ષિણપૂર્વ સરહદી જિલ્લા કોક્સ બજાર જ્યાં ૧૦ લાખથી વધુ રોહિંગ્યા શરણાર્થીઓ રહે છે, તેને અસર કરી શકે છે. હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા તાજેતરના બુલેટિન મુજબ ચક્રવાત કોક્સ બજારથી ૨૫૦ કિમી દૂર છે અને હવે દરિયાકાંઠાને પાર કરી રહ્યું છે.

બુલેટિન અનુસાર, એવી આગાહી કરવામાં આવી હતી કે, તે રવિવારે બપોરે ભારે વરસાદ અને પવન સાથે દસ્તક આપશે. પવનને કારણે, સામાન્ય કરતાં આઠથી ૧૨ ફૂટ ઊંચા મોજાં કોક્સબજાર અને ચિત્તાગોંગના નીચાણવાળા વિસ્તારોને ડૂબી શકે

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકમાં ૧૮મીએ શપથ ગ્રહણ સમારોહ યોજાશે

**મુખ્યમંત્રીના નામ પર મંથન વચ્ચે તારીખ નક્કી કરાઈ : સિદ્ધારમૈયા અને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારને મુખ્યમંત્રી પદના સૌથી મોટા દાવેદાર માનવામાં આવે છે**

બેંગલુરુ, તા.૧૪

કોંગ્રેસને કર્ણાટકમાં બહુમત મળ્યા બાદ હવે સીએમનો તાજ કોના શિરે પહેરાવવો એ એક મોટો પ્રશ્ન છે. ત્યારે આ મુદ્દાને લઈને રાજનીતિ ગરમાઈ રહી છે. એવામાં સીએમ નક્કી કરતા પહેલાં શપથ ગ્રહણની તારીખ નક્કી કરી લેવામાં આવી છે. આગામી ૧૮ મે ના રોજ કર્ણાટકના મુખ્યમંત્રી સહિત નવા મંત્રી મંડળનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે.





કર્ણાટક ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થયો ત્યારથી જ મુખ્યમંત્રીને લઈને અટકળો શરૂ થઈ ગઈ હતી. પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ડીકે શિવકુમારને મુખ્યમંત્રી પદના સૌથી મોટા દાવેદાર માનવામાં આવે છે. કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની જીત બાદ રાજ્યમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૮ મેના રોજ યોજાશે. સૂત્રોએ આ માહિતી આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સોનિયા ગાંધીની સાથે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે. આ સાથે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ હાજર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સમાન વિચારધારા ધરાવતા પક્ષોને પણ આમંત્રણ મોકલવામાં આવશે. જો કે હાલમાં કોંગ્રેસ સામે સૌથી મોટો પડકાર મુખ્યમંત્રીની ચૂંટણીનો છે. પાર્ટીના નિવેદન અનુસાર, કર્ણાટકમાં આગામી સીએમ કોણ હશે તેનો નિર્ણય સુપરવાઈઝર તમામ

● અનુસંધાન પાન-૭ પર

## કર્ણાટકના મુખ્યમંત્રી અંગે નિર્ણય માટે ૩ નિરીક્ષકો નિમ્યા

**કોંગ્રેસ પાર્ટીમાંથી મુખ્યમંત્રી કોણ બનશે તેના માટે મનોમંથન શરુ થયું છે : કોંગ્રેસ પાર્ટી એ કર્ણાટકમાં મુખ્યમંત્રીના નિર્ણય માટે ૩ નિરિક્ષકોને પસંદ કર્યાં છે, તેઓ સાચું આકંલન કરીને ત્રણ દિવસમાં પોતાનો રિપોર્ટ સોંપશે**

બેંગલુરુ, તા.૧૪

કર્ણાટક રાજ્ય માટે શનિવારે મહત્વનો દિવસ હતો. ૧૦ મેના રોજ રેકોર્ડતોડ ૭૩.૧૯ ટકા મતદાન થયા બાદ ૧૩ મેના રોજ ચૂંટણી પરિણામો અનુસાર કોંગ્રેસ પાર્ટીને બહુમતી મળી છે. આ વર્ષે કોંગ્રેસને ૧૩૬ બેઠક, ભાજપને ૬૫ બેઠક, જનતા દલને ૧૯ બેઠક અને અન્ય પાર્ટીઓને ૪ બેઠક મળી હતી. બહુમતી મળ્યા બાદ હવે કોંગ્રેસ પાર્ટીમાંથી મુખ્યમંત્રી કોણ બનશે તેના માટે મનોમંથન શરુ થયું છે.

કર્ણાટકમાં ૨૬૧૫ ઉમેદવારોનું ભવિષ્ય ઈફસ્માં કેદ થયું હતું. ભાજપે દરેક સીટ પર પોતાના ઉમેદવાર ઉતાર્યા હતા, જ્યારે કોંગ્રેસે ૨૨૧ સીટો પર પોતાના ઉમેદવાર ઉતાર્યા હતા. ત્નઙ્જીએ ૨૦૮ બેઠકો પર ઉમેદવાર ઉતાર્યા હતા. કોઈપણ એક્ઝિટ પોલના આંકડા સરખા જોવા મળ્યા નથી. જોકે તમામ એક્ઝિટ પોલે કોંગ્રેસને વધારે બેઠક મળશે તેની આગાહી કરી હતી.

કોંગ્રેસ પાર્ટી એ કર્ણાટકમાં મુખ્યમંત્રીના નિર્ણય માટે ૩ નિરિક્ષકોને પસંદ કર્યાં છે. તેઓ સાચું આકંલન કરીને ત્રણ દિવસની અંદર પોતાનો રિપોર્ટ સોંપશે. મળતી માહિતી અનુસાર ત્રણ-ચાર દિવસમાં મુખ્યમંત્રી માટે કોનું શપથગ્રહણ થશે તેનું એલાન થશે. આ બધા વચ્ચે કર્ણાટક આવેલા કોંગ્રેસના મહાસચિવ અને મીડિયા પ્રભારી નેતા જયરામ રમેશએ કહ્યું હતું.

તેમણે જણાવ્યું કે, આ કોંગ્રેસ અને કર્ણાટકની જનતાની જીત છે. ભારત જોડો યાત્રા સમયે આ જીતનો પાયો નાખવામાં આવ્યો હતો. આ યાત્રાથી પાર્ટી એક થઈ, પાર્ટીમાં અનુશાસન અને કાર્યકત્રાઓમાં જોશ આવ્યો. અમારા અધ્યક્ષનો કર્ણાટકની રાજનીતિમાં ૫૦ વર્ષનો અનુભવ કામ લાગ્યો.

તેમણે આગળ જણાવ્યું કે, કર્ણાટકમાં મુખ્યમંત્રીને લઈને પાર્ટીમાં કોઈ ઝઘડો નથી. સૌ સાથે મળીને તેનો નિર્ણય કરશે. નિરિક્ષકો આવી ગયા છે, સાંજે બેઠક થશે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે દિલ્હી ગયા છે અને સોમવારે સાંજ સુધીમાં પરત ફરશે.

## અકોલામાં ભડકી હિંસા, ૧ વ્યક્તિનું મોત, આઠ ઘાયલ

**સોશિયલ મીડિયા પોસ્ટના કારણે ભડકી હિંસા : ઘટનામાં સામેલ ૧૫ લોકોની ધરપકડ, આ ઘટના બાદ તંત્રએ વિસ્તારમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગુ કરી દીધી**





અકોલા, તા.૧૪

મહારાષ્ટ્રના અકોલામાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે અહીં બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ છે જેમાં એક વ્યક્તિનું મોત થયું છે અને આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં એક મહિલા પોલીસ કર્મીનો પણ સમાવેશ થાય છે. અકોલામાં ટોળાએ કેટલીક ગાડીઓમાં તોડફોડ કરી છે. જાણવા મળતી માહિતી અનુસાર આ અથડામણ સોશિયલ મીડિયા પોસ્ટના કારણે થઈ હતી. હાલ સ્થિતિને કાબુમાં કરવા માટે સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. મહત્વનું છે કે અકોલામાં આ બીજી આવી ઘટના બની છે. થોડા દિવસ પહેલા પણ અકોલામાં આ રીતે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી

અકોલા હિંસા અંગે જાણવા મળતી માહિતી અનુસાર સોશિયલ મીડિયા પોસ્ટના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## પહેલી કેબિનેટમાં પુરા કરશું લોકોને આપેલા પાંચ વચન

**કર્ણાટકમાં જીત બાદ રાહુલ ગાંધીની જાહેરાત : કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરો સહિત કર્ણાટકમાં કોંગ્રેસ માટે કામ કરી રહેલા તમામ નેતાઓનો આભાર માન્યો**

નવી દિલ્હી, તા.૧૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને જીત મળવા બદલ કર્ણાટકની જનતાનો આભાર માન્યો હતો. સાથે જ કર્ણાટકના કોંગ્રેસી નેતાઓ અને કાર્યકરો સહિત કર્ણાટકમાં કોંગ્રેસ માટે કામ કરી રહેલા તમામ નેતાઓનો આભાર માન્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે કર્ણાટકમાં પ્રેમની જીત થઈ છે અને નફરતની હાર થઈ છે. કર્ણાટકમાં ગરીબોની જીત થઈ છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યુ હતુ કે કર્ણાટકમાં નફરતની બજાર બંધ છે અને પ્રેમની દુકાન ખુલી છે. સાથે જ તેણે જાહેરાત કરી હતી કે કર્ણાટકની જનતાને આપેલા ૫ વચન પહેલી કેબિનેટમાં પુરા થશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, કર્ણાટકના લોકોએ દેખાડી દીધુ છે કે આ દેશ પ્રેમ ઈચ્છે છે. કર્ણાટકમાં નફરતની બજાર બંધ છે અને પ્રેમની દુકાનો ખુલી ગઈ છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ અનેક વાર એ વાત કહી હતી કે તેઓ પ્રેમની બજાર ખોલવા આવ્યા છે.

રાહુલ ગાંધીએ કોંગ્રેસની જીત પર કહ્યુ હતુ કે પાર્ટીએ કર્ણાટકની જનતાને આપેલા પાંચ મોટા વચનો સરકાર બન્યાની સાથે જ પુરા કરવામાં આવશે.

## દેશમાં ૯૨૮ સંરક્ષણ ઉત્પાદનો બનશે, ૭૧૫ કરોડની બચત થશે

**આત્મનિર્ભર ભારત યોજના હેઠળ સંરક્ષણ ઉત્પાદનોને પ્રોત્સાહન : સંરક્ષણ મંત્રાલયે ચોથી યાદી બહાર પાડી છે, જેમાં વિવિધ હથિયારોમાં વપરાતા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ઉત્પાદનોનો સમાવેશ થાય છે**

નવી દિલ્હી, તા.૧૪

આત્મનિર્ભર ભારત યોજના હેઠળ દેશમાં સંરક્ષણ ઉત્પાદનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત સંરક્ષણ વિભાગે ૯૨૮ ઉત્પાદનોની યાદી બહાર પાડી છે, જેનું હવે ભારતમાં જ ઉત્પાદન થશે. આગામી પાંચથી સાડા પાંચ વર્ષમાં વિદેશથી આ ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

રક્ષા મંત્રાલયે આજે એક નિવેદન જારી કરીને કહ્યું કે, આ યાદી બહાર પાડવાનો ઉદ્દેશ્ય આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ દેશમાં જ સંરક્ષણ ઉત્પાદનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. આત્મનિર્ભર ભારત યોજના હેઠળ સંરક્ષણ મંત્રાલયે આ ચોથી યાદી બહાર પાડી છે, જેમાં વિવિધ હથિયારોમાં વપરાતા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું કે, સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં મંત્રાલયે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ૯૨૮ ઉત્પાદનોની યાદી બહાર પાડી છે, જેનું ઉત્પાદન હવે દેશમાં જ થશે.

હાલમાં આ ઉત્પાદનોની આયાત પર લગભગ ૭૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. સંરક્ષણ મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૮ સુધી આ ૯૨૮ ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકવાની સમયમર્યાદા નક્કી કરી છે. અગાઉ સંરક્ષણ મંત્રાલયે આવી ત્રણ વધુ યાદીઓ જારી કરી હતી. આ યાદીઓ ડિસેમ્બર ૨૦૨૧, માર્ચ ૨૦૨૨ અને ઓગસ્ટ ૨૦૨૨માં બહાર પાડવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૨૫૦૦ ઉત્પાદનોનું સ્થાનિક ઉત્પાદન શરૂ થઈ ગયું છે અને નિર્ધારિત સમયમર્યાદામાં દેશમાં ૧૨૩૮ ઉત્પાદનોનું ઉત્પાદન શરૂ કરવાની યોજના છે.

## ભાજપના ઉમેદવારનો પુન: મતગણતરી બાદ ૧૬ મતે વિજય

બેંગલુરૂ, તા.૧૪

કર્ણાટકની જયનગર સીટ પરથી ભાજપના ઉમેદવાર સી.કે.રામમૂર્તિએ શનિવારે તેમના હરીફ કોંગ્રેસ ઉમેદવાર સૌમ્યા રેડ્ડીને ૧૬ વોટના સામાન્ય અંતરથી પરાજય આપ્યો હતો. આ દરમિયાન મતગણતરી સ્થળે રાતભર બંને પક્ષોના સમર્થકોની ભીડ ઉમટી હતી. આ માહિતી ખુદ અધિકારીઓએ આપી હતી.

ખરેખર કોંગ્રેસના સૌમ્યા રેડ્ડી સામે ૩૦૦થી વધુ વોટથી હારી ગયેલા રામમૂર્તિએ ફરીવાર મતગણતરીની માગ કરી હતી. ફરીવાર મતોની ગણતરી ઉપરાંત ટપાલના વોટને ઉમેરવામાં આવ્યા તો રામમૂર્તિએ સૌમ્યા રેડ્ડીને પરાજય આપી દીધો. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ડી.કે.શિવકુમાર અને કાર્યકારી અધ્યક્ષ રામલિંગા રેડ્ડી સહિત પાર્ટીના અનેક નેતાઓએ ફરીવાર મતગણતરીનો વિરોધ કર્યો હતો. રાજ્યના માહિતી વિભાગના એક અધિકારીએ નિવેદન જાહેર કરીને જણાવ્યું કે જયનગરમાં એસ. એસ. એમ. આર.વી કોલેજના મતગણતરી કેન્દ્રમાં અધિકારીઓએ મોડી રાતે પરિણામો જાહેર કર્યા હતા.

M.D.GROUP TUITION
• Std. 11-12 Maths - Phy - Chem - Bio
• Std. 11-12 Accounts - Statistics - Eco - BST
Std. 6 to 10 Maths - Science - English & S.S * Both Medium
IELTS & UPSC-GPSC-IAS-IPS
ICSE - CBSE - GSEB - IB - ISC
Group and Personal Tuition at your home
ICSE Specialist M.D. SIR
Director : M.D. Patel (M.D. SIR) Elect. Engg.& B.Sc. Maths.)
Branch : (1) F-3-4 Sarthak Fortune Mall, Nr. City Pulse, Urjanagar, Kudasan. (2) Sargasan (3) Plot No. 353/1, Sec.2-B
Mo. 9377128297, 8849161449

## રોયલ ચૈલેંજર્સ બેંગ્લોર સામે રાજસ્થાન રોયલની ભૂંડી હાર

જયપુર, તા.૧૪

રાજસ્થાન રોયલ અને બેંગ્લોર વચ્ચે રમાયેલી મેચમાં ઈઝમ્એ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી. RCB પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૭૧ રન ફટકાર્યા હતા. જવાબમાં રાજસ્થાનની ટીમ ૧૦.૩ ઓવરમાં ૫૯ રને સમેટાઈ ગઈ હતી.

